# કોનો ત્રાસ વધુ ભયાનક ?

– 'જીવન ફોરમ' માંથી સાભાર

ચીનના મહાન દાર્શનિક કોન્ક્યુશ્યસ પોતાના કેટલાક શિષ્યો સાથે એક ગામથી બીજે ગામ જઈ રહ્યા હતા.

ચાલતાં ચાલતાં તેઓ એક કબ્રસ્તાન પાસે આવી પહોંચ્યા.

કબ્રસ્તાનમાં કોન્ફયુશ્યસે જોયું તો કબર પાસે બેસીને કોઈ સ્ત્રી કલ્પાંત કરી રહી હતી !

આ સ્ત્રીનું ઘોર કલ્પાંત કાને પડતાં કોન્ફયુશ્યસનું અંતર રડી ઊઠ્યું.

આ સ્ત્રી કોઈ મોટી આફતમાં આવી પડી હતી.

કોન્ફયુશ્યસે પોતાના એક શિષ્યને પોતાની નજીક બોલાવ્યો ને કહ્યું :

'તું પેલી રડતી સ્ત્રી પાસે જા અને તેના રડવાનું કારણ જાણી લાવ.'

શિષ્ય બોલ્યો : 'જેવી આજ્ઞા!'

બાદ, શિષ્ય  પેલી રડતી સ્ત્રી પાસે પહોંચ્યો અને તેને પૂછવા લાગ્યો : 'બહેન, આવું ઘોર કલ્પાંત શા માટે કરી રહ્યા છો ? તમારા કલ્પાંતનું કારણ કહો.'

સ્ત્રીએ કહ્યું, 'મારા દુઃખની કથની ઘણી લાંબી છે. છતાં હું તને ટૂંકમાં એ જણાવું છું. સાંભળ, મારા સસરાને થોડા સમય પહેલાં એક વાઘે ફાડી ખાધા છે. એ ઘટના ને થોડાક મહિનાઓ થયા કે મારા પતિને પણ વાઘે ફાડી ખાધા!'

'બંનેને વાઘે ફાડી ખાધા ?'

'હા, પણ એથીયે વધારે દુઃખદાયક ઘટના તો એ છે કે, મારા પતિને વાઘે ફાડી ખાધા પછી થોડા જ દિવસો પછી વાઘે મારા વહાલસોયા પુત્રને પણ ફાડી ખાધો!'

આ દુઃખદ ઘટના સાંભળીને તો શિષ્યની આંખો પણ આંસુથી ઊભરાઈ ગઈ.

તે ત્યાંથી પાછો વળ્યો અને કોન્ફયુશ્યસ પાસે આવ્યો. તેણે જે કંઈ પેલી સ્ત્રીએ પોતાને કહ્યું હતું તે બધું પોતાના ગુરુ કોન્ફયુશ્યસને કહી સંભળાવ્યું.

શિષ્યે કહેલી બધી વાત સાંભળી કોન્ફયુશ્યસને મનમાં થયું કે, આ તો ભારે નવાઈ ઉપજાવે એવી વાત કહેવાય કે વાઘથી પોતાના સસરા, પોતાના પતિ અને પોતાના પુત્રના જાન ગયા અને તેમ છતાં આ સ્ત્રી, આ પ્રદેશમાં રહે છે ! આમ શા માટે ? આ પ્રદેશ છોડીને તે બીજે ક્યાંય કેમ જતી નથી?

કોન્ફયુશ્યસે આનું રહસ્ય પામવા તે સ્ત્રી પાસે પોતે જ જવા નિશ્ચય કર્યો.



થોડી વારમાં તેઓ એ સ્ત્રી પાસે પહોંચ્યા અને બોલ્યા :

'બહેન, તારી દુઃખદ કહાણી મારા શિષ્ય પાસેથી મેં પૂરેપૂરી સાંભળી લીધી છે. તેથી મારે તને એક સલાહ આપવાની છે.'

'કઈ સલાહ ?'

કોન્ફ્યુશ્યસે કહ્યું : 'સાંભળ ! આ પ્રદેશમાં વાઘનો ત્રાસ છે અને વાઘને કારણે જ તારા સસરા, તારો પતિ અને પુત્ર, બધા જ મૃત્યુ પામ્યા; તો પછી આવા પ્રદેશમાં તારે શા માટે રહેવું જોઈએ ? મારી તો તને એક સલાહ છે કે તું આ વાઘવાળો પ્રદેશ છોડીને કોઈ બીજા એવા પ્રદેશમાં જઈને રહે કે જ્યાં વાઘનો ત્રાસ ન હોય.

સ્ત્રી કશો જવાબ આપ્યા વિના કોન્ફ્યુશ્યસ સામે તાકી જ રહી.

થોડી વાર વિચાર્યા પછી તે બોલી : 'આપની સલાહ તો સારી છે, પણ તેનો સ્વીકાર મારાથી થઈ શકે તેમ નથી.'

સ્ત્રીએ કારણ સમજાવતાં કહ્યું : 'જુઓ, આ પ્રદેશમાં વાઘનો ત્રાસ હોવા છતાં મને અહીં રહેવાનું ગમે છે; કેમ કે; આ પ્રદેશના રાજવહીવટમાં કોઈ ગેરવ્યવસ્થા નથી. કોઈ પ્રકારનો અન્યાય નથી; અહીં કોઈ પણ પ્રકારે શોષણ થવા પામતું નથી. અહીંનું શાસન લોકોના ભલા અને કલ્યાણ માટે જ ચલાવવામાં આવે છે.'

પછી કોન્ફ્યુશ્યસ પોતાના શિષ્યો પાસે પહોંચ્યો અને પેલી સ્ત્રીએ તેમને જે કહ્યું હતું તે બધું સંભાળાવીને કહ્યું : 'શિષ્ય ! રાજવહીવટ ચલાવતા અધિકારાઓનો ત્રાસ વાઘ કરતાં પણ વધુ ભયંકર છે. લોકો વાઘ–સિંહના ત્રાસથી ભય પામીને નહિ, પણ આપખુદ સત્તાના ત્રાસથી જ પોતાનો પ્રદેશ છોડીને બીજા પ્રદેશમાં જતા હોય છે. શાસનનો ત્રાસ વાઘના ત્રાસ કરતાં બદતર હોય છે.'

■